

નાચતું બતક

લેખક : સિડ




નાચતું બતક







એક દિવસ એક નાના બતકે તળાવમાં નાચવાનું શરૂ કર્યું.




બીજા નાના બતક એને જોઈને ખુબ હસ્યા.
પણ એની માઁ ને બતકનું નાચવાનું પસંદ ન આવ્યું.




"સાંભળ, ડન્કન," માઁ એ નાના બતકને કહ્યું.
"તારા ભાઈ-બહેનની જેમ જ સીધી કતારમાં તર."
પણ નાના ડન્કનને નાચવામાં બહુ મજા આવી રહી હતી.



ડન્કન નાચતા-નાચતા તળાવમાંથી બહાર નીકળ્યું.




પછી એ આખા ખેતરમાં નાચતા-નાચતા ફર્યું.



ડુક્કરના નાના બચ્ચાએ એને જોયું,
પણ એ એની માઁ પાસે કાદવમાં જ રહ્યા.



મરઘીના બચ્ચાએ એને જોયું,
અને એ પણ એના કામમાં વ્યસ્ત રહ્યા.
પણ એનાથી ડન્કન રોકાયું નહીં!




ડન્કન નાચતા-નાચતા ખેતરના માલિકના ઘરે ગયું.
"જુઓ તો, આપણા ઘરે કોણ આવ્યું છે?" ખેડૂતે પૂછ્યું.
"લાગે છે કે આ નાચતું બતક છે,"
ખેડૂતની પત્નીએ કહ્યું.



ડન્કન આખા ઘરમાં નાચતું રહ્યું.
એ કોઈ પણ રાચરચીલા સાથે ભટકાયું નહીં.




ખેડૂત અને તેની પત્નીએ ડન્કનને રસોડાના પ્લેટફોર્મ પર નાચતા જોયું. નાચતા-નાચતા એણે કોઈ વાસણ તોડ્યું નહીં. "એ બહુ સુંદર નૃત્યુ કરે છે," ખેડૂતે કહ્યું. "બધા લોકોએ એનું નૃત્યુ જોવું જોઈએ," ખેડૂતની પત્નીએ કહ્યું.



પછી એ ડન્કનને પોતાની ટ્રકમાં બેસાડીને શહેર લઈ ગયા.



ત્યાં એને એક થીએટરમાં લઈ ગયા. થીએટરમાં શો જોવા
માટે ઘણા લોકો આવ્યા હતા. "હવે તું અહીં તારો નાચ
દેખાડ," ખેડૂતે ડન્કનને કહ્યું.



ડન્કન સ્ટેજ પર જઈને નાચવા લાગ્યું.




એ બેઠકની વચ્ચેની જગ્યામાં પણ નાચ્યું. "નાચતા બતક માટે વાહ વાહ!" બધાએ બૂમ પાડી.
"આ બતકના હુન્નર ને રાજ્યના ટેલિવિઝન પર દેખાડવું જોઈએ," ખેડૂતની પત્નીએ કહ્યું.



પછી એ ડન્કનને ટેલિવિઝન સ્ટેશન લઈ ગયા.



ત્યાં પણ ડન્કન કેમેરાની સામે સરસ નાચ્યું.




લાખો લોકોએ ડન્કનનો નાચ ટેલિવિઝન પર જોયો.




એ પછી ડન્કન બહુ પ્રખ્યાત અને લોકપ્રિય થયું. લોકો રસ્તા પર એનો પીછો કરવા લાગ્યા. બાળકો એના સ્વહસ્તાક્ષર માંગતા હતા. ઘણા લોકો એના પીંછા ચાહતા હતા.



એ પછી સમગ્ર વિશ્વમાં ડન્કન ફેન ક્લબ શરુ થઈ. એન્ટાર્ટિકામાં પણ.



એક રાતે હોલિવૂડમાં પ્રસિદ્ધ સિનેમાના કલાકારોનો જલસો હતો. સૌથી સારા અભિનેતાને પુરસ્કાર મળવાના હતા. લોકોની જબરી ભીડ પોતાના ચાહિતા કલાકારોને જોવા માટે આવી હતી. જયારે એના પ્રિય અભિનેતા પોતાની ગાડીમાંથી ઉતરતા, તો લોકો જોર-જોરથી તાળીઓ પાડતા.




જયારે ડન્કન એના ટ્રકમાંથી ઉતર્યું, તો એના પ્રશંસક પાગલ થઈ ગયા. "ડન્કન! ડન્કન! ડન્કન!" એમણે બૂમ પાડી.



નિર્ણાયકોએ ડન્કનને સુવર્ણ બતક પુરસ્કારથી સન્માનિત કર્યું. "તમારો ઘણો-ઘણો આભાર," ડન્કને કહ્યું. એ પછી એણે નાચવાનું શરુ કર્યું.




એ નાચ્યું, અને બહુ મોડી રાત સુધી નાચતું રહ્યું. અંતે એ થાકીને લોથ થઈ ગયું.



અંતે ખેડૂત અને એની પત્નીએ ડન્કનને
ઉઠાવીને ખેતર પર પાછું લાવ્યા.



હવે એ ફક્ત તળાવમાં એના પરિવાર સાથે પાણીમાં તરવા ચાહતું હતું.



"ઘરમાં તારું સ્વાગત છે," માઁ એ ડન્કનને કહ્યું. "તું એક સારું બતક છે, મને તારા પર ગર્વ છે."

"હવે તું તારા ભાઈ-બહેનો સાથે કતારમાં તર જે." એ સાંભળીને ડન્કન બહુ ખુશ થયું.



ડન્કન ફરી એક વાર નાચ્યું - ફક્ત એની માઁ માટે.

સમાપ્ત